પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૮૧, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૭-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 281 PRICE :-RS. 1.50 DATE : 22-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સમગ્ર દુનિયાભરમાં ૧૫ લાખથી વધુ બાળકોએ માતા-પિતા ગુમાવ્યા

## ભારતમાં ૧.૧૯ લાખ બાળકો કોરોનાકાળમાં અનાથ બન્યા: રિસર્ચ

ન્યુ દિલ્હી,

ભારતમાં ૧,૧૯,૦૦૦ બાળકો સહિત દુનિયાભરમાં ૧૫ લાખથી વધારે બાળકોએ કોરોનાને કારણે ઓછામાં ઓછા એક માતા-પિતા, કસ્ટોડિયલ દાદા-દાદીને ગુમાવી દીધા છે. તેની જાણકારી લેન્સેન્ટમાં પ્રકાશિત એક રિસર્ચમાં કરવામાં આવી છે. રિચર્સનું અનુમાન છે કે, ૧૦ લાખથી વધારે બાળકો મહામારીને કારણે પહેલા ૧૪ મહિના દરમિયાન માતા-પિતામાંથી એક અથવા બંનેના મોત નિપજ્યા હોય અને અન્ય ૫ લાખ બાળકોએ પોતાના ઘરમાં રહેતાં દાદા-દાદીની મૃત્યુ જોયું છે.



ભારતમાં રિસર્ચનું અનુમાન છે કે માર્ચ ૨૦૨૧ (૫૦૯૧)ની સરખામણીમાં એપ્રિલ ૨૦૨૧માં અનાથ બાળકો (૪૩,૧૩૯)ની સંખ્યામાં ૮.૫ ગણો વધારો થયો છે. જે બાળકોએ માતા-પિતા કે દેખરેખ રાખનારને ગુમાવી દીધા છે, તેમના સ્વાસ્થ્ય, સુરક્ષા પર ટૂંકાગાળાનો કે લાંબાગાળાનો પ્રભાવ જેમ કે બીમારી, શારીરિક શોષણ, યૌન હિંસા અને કિશોર ગર્ભાવસ્થાનું જોખમ વધારી દીધું છે.

યુએસ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન કોવિડ રિસ્પોન્સ ટીમના મુખ્ય લેખક ડો. સુઝન હિલિસે કહ્યું કે, દુનિયાભારમાં દર બે કોરોના મોત માટે, માતા-પિતા કે કેરટેકરની મોતનો સામનો કરવા માટે એક બાળક પાછળ છૂટી જાય છે. ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી, તે ૧.૫ મિલિયન બાળકો દુનિયાભરમાં ૩૦ લાખ કોરોના મોતનું દુ:ખણ પરિણામ બની ગયું હતું. અને આ સંખ્યા ફક્ત મહામારીના પ્રગતિના રૂપમાં વધશે.

તેઓએ કહ્યું કે, અમારો નિષ્કર્ષ આ બાળકોને પ્રાથમિકતા આપવા અને સાક્ષ્ય આધારિત કાર્યક્રમો અને સેવાઓમાં રોકાણ કરવા માટે તત્કાલ આવશ્યકતાને ઉજાગર કરેછે. જેનાથી તે હાલ તેમની રક્ષા અને સમર્થન કરી શકે અને ભવિષ્યમાં અનેક વર્ષો સુધી તેનું સમર્થન કરી શકે. કેમ કે અનાથપણું દૂર થતું નથી. રિસર્ચરોએ માર્ચ ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૧ સુધી કોરોના મૃત્યુ દરના આંકડાઓ અને ૨૧ દેશોના રાષ્ટ્રીય પ્રજનના આંકડાઓના આધાર પર અનુમાન લગાવ્યું છે. પ્રાથમિક દેખભાળ રાખનારને ખોનાર બાળકોની સોથી વધારે સંખ્યા દક્ષિણ આફ્રિકા, પેરૂ, સંયુક્ત રાજ્ય અમેરિકા, ભારત, બ્રાઝિલ અને મેક્સિકો સામેલ છે.

પ્રાથમિક દેખરેખ કરનાર (૧/૧૦૦૦ બાળકો)માં કોરોનાથી સંબંધિત મોતની દરવાળા દેશોમાં પેરુ, દક્ષિણ આફ્રિકા, મેક્સિકો, બ્રાઝિલ, કોલંબિયા, ઈરાન, સંયુક્ત રાજ્ય અમેરિકા, આર્જેન્ટિના અને રશિયા સામેલ છે. લગભગ દરેક દેશમાં, મહિલાઓની સરખામણીમાં પુરુષોનું મોત વધારે થયું છે. ખાસ કરીને મધ્ય અને વૃદ્ધાવસ્થામાં. કુલ મળીને પોતાની માને ગુમાવવાની સરખામણીમાં પાંચ ગણા વધારે બાળકોએ પોતાના પિતાને ગુમાવી દીધા છે. રિસર્ચરોએ કોવિડ પ્રતિક્રિયા યોજનાઓમાં બાળકોની દેખરેખ રાખનારની મોતના પ્રભાવને દૂર કરવા માટે તાત્કાલિક કાર્યવાહીનું આહવાન કર્યું છે.

## છત્તીસગઢના રાયપુરમાં સાત બાળકોના મોતથી હડકંપ: પરિવારનો ડૉક્ટરો પર આરોપ

રાયપુર

છત્તીસગઢની રાજધાની રાયપુરની જિલ્લા હૉસ્પિટલમાં રાત્રે ૮ વાગ્યા બાદ ૩ બાળકોના મોત થયા. ત્યારબાદ પરિવારે ડૉક્ટરો પર બેદરકારીનો આરોપ લગાવતા હોબાળો મચાવ્યો. પરિવારનો આરોપ હતો કે તબિયત બગડવા પર બાળકોને ઑક્સિજન લગાવ્યા વગર બીજી હૉસ્પિટલમાં રેફર કરવામાં આવી રહ્યા હતા. તો હૉસ્પિટલમાં રહેલા એક દર્દીના પરિવારે દાવો કર્યો છે કે ૩ નહીં, પરંતુ ૭ બાળકોના મોત થયા છે.તેમણે કહ્યું કે, મેં મારી આંખોથી એક પછી એક ૭ બાળકોના મૃતદેહો લઈ જતા જોયા. એક બાળકના પિતા ઘનશ્યામ સિંહે આરોપ લગાવ્યો છે કે તેના બાળકની સ્થિતિ બગડ્યા બાદ ડૉક્ટરોએ એક પ્રાઈવેટ હૉસ્પિટલ લઈ જવા કહ્યું. બાળકની સ્થિતિ ગંભીર હતી. તેને લઈ જવા માટે ઑક્સિજન સીલેન્ડરની જરૂર પડી, પરંતુ આપવામાં આવ્યું નહીં. તેઓ સતત હૉસ્પિટલ મેનેજમેન્ટના લોકોથી સીલેન્ડરની માંગ કરતા રહ્યા. આ દરમિયાન ભરતી થયેલા વધુ ૨ બાળકોના મોત થઈ ગયા અને પરિવારનો ગુસ્સો ડૉક્ટરો પર ફૂટી પડ્યો.



હોબાળાની સૂચના પર પંડરી પોલીસ સ્ટેશનથી પોલીસ પણ પહોંચી. બાળકોના ઈન્ટેસિવ કેર યુનિટમાં ઘણા મોડા સુધી બબાલ થતી રહી. પરિવારને કોઈ બરાબર જવાબ નહોતો આપવામાં આવી રહ્યો. લગભગ ૨થી અઢી કલાક ચાલેલી બબાલ બાદ પોલીસની દખલથી પરિવાર શાંત થયો. રાત્રે ૧૧ વાગ્યા સુધી ત્રણ બાળકોના મૃતદેહોની સાથે ઘરવાળા પાછા ફર્યા. હૉસ્પિટલ મેનેજમેન્ટના લોકો બીજા પરિવારને સમજાવામાં લાગ્યા અને માહોલ શાંત થયો. હૉસ્પિટલવાળાઓ તરફથી કહેવામાં આવ્યું કે, બાળકોના મોત સામાન્ય હતી.

## કોરોના સંકટ: કેરળમાં ૨૪-૨૫ જુલાઈએ સંપૂર્ણ લૉકડાઉન લાગુ રહેશે



તિરુવનંતપુરમ્,

કોરોનાના ઝડપથી વધી રહેલા કેસને જોતા કેરલમાં એક વખત ફરી સંપૂર્ણ લૉકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. આ સંપૂર્ણ લૉકડાઉન માત્ર શનિવાર અને રવિવાર એટલે કે ૨૪ અને ૨૫ જુલાઈએ રાખવામાં આવ્યું છે. કેરલ સરકાર તરફથી જારી ગાઈડલાઈન અનુસાર ૨૪ અને ૨૫ જુલાઈ (શનિવાર અને રવિવાર) એ ૧૨ અને ૧૩ જૂન ૨૦૨૧ના જારી દિશાનિર્દેશો પ્રમાણે સંપૂર્ણ લૉકડાઉન રહેશે.

મહત્વનું છે કે આ પહેલા મંગળવારે કેરલના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યુ કે, રાજ્યમાં ચાલી રહેલા કોવિડ પ્રતિબંધો વધુ એક સપ્તાહ સુધી જારી રહેશે, કારણ કે એવરેજ પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી ઉપર છે. મુખ્યમંત્રીનું નિવેદન તેવા સમયે આવ્યુ જ્યારે બકરી ઈદ પહેલા સંક્રમણના ઉચ્ચ દરવાળા વિસ્તારમાં લૉકડાઉનના પ્રતિબંધોમાં ઢીલ આપવાના રાજ્ય સરકારના નિર્ણયને સર્વોચ્ચ ન્યાયાલયે અયોગ્ય ગણાવી દીધો હતો. આ વચ્ચે વિપક્ષી ભારતીય જનતા પાર્ટીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટનો આદેશ રાજ્ય સરકાર માટે જટકો છે. રાજ્યમાં ભાજપના પ્રમુખ સુરેન્દ્રને સંવાદદાતાઓને કહ્યુ- આ પિનરાઈ વિજનય સરકારના મોઢા પર તમાચો છે. વિજયને કોવિડ-૧૯ની દૈનિક સમીક્ષા બેઠકમાં કહ્યું કે, બકરી ઈદના તહેવારને ધ્યાનમાં રાખી ત્રણ દિવસ માટે પ્રતિબંધોમાં આપવામાં આવેલી છૂટ સમાપ્ત થઈ જશે. તેમણે કહ્યું કે, ત્રણ લાખ વધારાના કોવિડ ટેસ્ટ શુક્રવારે કરવામાં આવશે.

એક નિવેદનમાં વિજયને કહ્યુ- હવે પ્રતિબંધોમાં કોઈ છૂટછાટ મળશે નહીં. વર્તમાન પ્રતિબંધો આગામી એક સપ્તાહ સુધી જારી રહેશે. છેલ્લા ત્રણ દિવસમાં એવરેજ પોઝિટિવિટી રેટ વધીને ૧૦.૮ ટકા થઈ ગયો છે. ટીપીઆર મલ્લાપુરમ, કોઝિકોડ અને કાસરગોડમાં ઉચ્ચો છે. જિલ્લા તંત્રએ ટીપીઆરને નિયંત્રિત કરવા યોગ્ય પગલા ભર્યા છે. ૧૬ જુલાઈએ છ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા બાદ પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું કે કેરળ અને મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા કેસ ચિંતાનો વિષય છે. પીએમ મોદીએ ત્રીજી લહેરને રોકવા માટે સાવચેતી રૂપે કેટલાક પગલા ભરવા કહ્યુ હતું. પીએમે ટેસ્ટ, ટ્રેક, ટ્રીટ અને રસીનો મંત્ર આપતા માઈક્રો કંટેનમેન્ટ ઝોન પર ફોક્સ કરવા કહ્યુ હતું.

## જૂન-૨૦૨૧ સુધી ભારતમાં કોરોનાથી ૫૦ લાખ લોકોના મોત થયા: અમેરિકાના અભ્યાસમાં નવો ઘટસ્ફોટ

વૉશિંગ્ટન,

અમેરિકાના એક અભ્યાસમાં તાજેતરમાં જ પ્રકાશમાં આવ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધીમાં ભારતમાં કોરોના વાયરસથી લગભગ ૫૦ લાખ(૪.૯ મિલિયન) લોકોનાં મૃત્યુ થયાં છે. અભ્યાસમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારત-પાકિસ્તાનના ભાગલા અને ભારતની આઝાદી પછીની આ સૌથી મોટી મહામારી છે. ઉલ્લેખનીય છે કે હાલ અમેરિકા સહિતના દેશોમાં કોરોનાના નવા વેરિયન્ટના સતત વધી રહેલા કેસોને પગલે ભયનો માહોલ છે.

સિર્યોલોજિકલ અભ્યાસ, હાઉસહોલ્ડ સર્વે, વિવિધ રાજ્યોના મ્યુનિસિપાલિટીના ડેટા અને ઈન્ટરનેશનલ એસ્ટિમેટ્સના આધારે અમેરિકાના વોશિંગ્ટન સ્થિત સેન્ટર ફોર ગ્લોબલ ડેવલપમેન્ટે એક રિપોર્ટ જાહેર કર્યો છે. એમાં ભારતના ત્રણ ડેથ એસ્ટિમેટને રજૂ કરવામાં આવ્યા છે. આ ત્રણેય ડેથ એસ્ટિમેટ ઓફિશિયલ જાહેર કરાયેલા ૪,૦૦,૦૦૦ના આંકડાથી વધુ છે. જો અભ્યાસમાં તારવવામાં આવેલા સામાન્ય આંકડાઓ પર પણ નજર કરીએ તોપણ આ આંકડો જાહેર કરાયેલા આંકડા કરતાં ઘણા વધુ છે. જો દેશનાં ૭ રાજયની મ્યુનિસિપાલિટીમાં નોંધાયેલા ડેટા પર પણ નજર કરીએ તો આ આંકડો ૩.૪ મિલિયનથી વધુ મૃત્યુ થયાં હોવાનું દર્શાવે છે.

જો આ ગણતરી ઈન્ટરનેશનલ એજ-સ્પેસિફિકેશન ઈન્ફેક્શન ફેટાલિટ રેટ્સ(લ્ફ્ઇ)ના આધારે ભારત પર લાગુ કરવામાં આવે તોપણ દેશમાં લગભગ ૪૦ લાખ જેટલા લોકોનાં મૃત્યુ થયાં છે. આ સિવાય આ ગણતરી કન્ઝ્યુમર પિરામિડ હાઉસહોલ્ડ સર્વે મુજબ કરવામાં આવે, એટલે કે વિવિધ રાજ્યોની ૮૦૦૦૦૦ વ્યક્તિ તોપણ આ આંકડો ૪.૯ મિલિયનથી વધુ મૃત્યુ થયો હોવાનો અંદાજ આપે છે.

આ રિપોર્ટને અભિષેક આનંદ, જસ્ટિન સેન્ડરફર અને અરવિંદ સુબ્રહ્મણ્યમ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. એમાં જણાવવામાં આવ્યું છે કે આ ડેટા બેઝનો યોગ્ય અભ્યાસ થવો જરૂરી છે, કારણ કે એનાથી ભવિષ્યમાં પણ મદદ મળી રહે છે. ઉલ્લેખનીય છે કે અરવિંદ સુબ્રહ્મણ્યમ અગાઉ ભારતના ચીફ ઈકોનોમિક એડવાઈઝર હતા. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારતે કોરોના વાયરસની પ્રથમ લહેર દરમિયાન એટલે કે માર્ચ ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૧ દરમિયાન ગંભીરતા રાખી ન હતી. એને પગલે દેશમાં બીજી લહેર ઘાતક સાબિત થઈ છે.

## રાજ્યમાં બીજા વર્ષે પણ જન્માષ્ટમીના લોકમેળા નહીં યોજાય: રૂપાણીની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાતમાં સતત બીજા વર્ષે જન્માષ્ટમીના પર્વ પર લોકમેળ નહીં યોજવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હોવાનું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે. સૌરાષ્ટ્ર સહિત રાજયના વિવિધ ભાગોમાં શ્રાવણ માસમાં લોકમેળાનું અનેરું મહત્વ રહેલું છે. જો કે કોરોનાની પ્રથમ લહેર વખતે રાજકોટ સહિત રાજયમાં તમામ સ્થળે લોકમેળા નહીં યોજવાનો સરકારે નિર્ણય કર્યો હતો. જ્યારે હવે કોરોનાની સંભવિત ત્રીજી લહેરની આશંકાને પગલે કોઈ રીતે ભીડ ભેગી થાય એવા આયોજનોને મંજૂરી નહીં અપાય તેમ સીએમ રૂપાણીએ જાહેરાત કરી હતી.રાજયમાં કોરોનાના કેસો માંડ અંકુશમાં આવ્યા છે અને સંભવિત ત્રીજી લહેરની આશંકા વચ્ચે લોકમેળા યોજવા પર સતત બીજા વર્ષે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રાજય સરાકે હાલમાં કોરોના નિયંત્રણોમાં વ્યાપક છૂટછાટ આપી છે જેમાં વોટર પાર્ક અને સ્વિમિંગ પુલને ૨૦ જુલાઈથી ૬૦ ટકા ક્ષમતા સાથે શરૂ કરવા મંજૂરી આપી છે. આ ઉપરાંત જીમ, મલ્ટિપ્લેક્સને પણ મંજૂરી આપવામાં આવી છે. જો કે આ તમામ સ્થળે કોરોના પ્રોટોકોલનું પાલન અનિવાર્ય છે. પરંતુ લોકમેળામાં હૈયેહૈયુ દાળય તેટલી ભીડ ઉમટતી હોવાથી કોરોનાની વર્તમાન પરિસ્થિતિને જોતા લોકમેળા નહીં યોજવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

**ઓનલાઈન ટેન્ડરીંગ**

**માર્ગ અને મકાન વિભાગ**

**જાહેર નિવિદા – ૧૨ સને : ૨૦૨૧–૨૨ ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીની વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા.અને મ.વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા – ૩૮૯૦૦૧ જી. પંચમહાલના ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય ઈજારદારો પાસેથી કન્સ્ટ્ર ઓફ કંપાઉન્ડ વોલ અને ફર્નીચરના કામ માટે ઓન લાઈન ટેન્ડર, બી.૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૨૯.૮૬ લાખ થી રૂા.૩૮.૫૯ લાખની છે.

પ્રસ્તુત કામ માટેનો ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https : // rnb.nprocure.com પર તા.૪.૮.૨૧, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૪.૮.૨૧, ૧૮ : ૦૦ કલાક સુધી રહેશે.

વધુ વિગત માટે ઉપરોકત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા

વિનંતી.

કાર્યપાલક ઈજનેર,
માર્ગ અને મકાન વિભાગ ગોધરા.

માહિતી/ગોધરા/૩૪૬/૨૦૨૧

## મેઘાલય, લેહ-લદ્દાખ અને રાજસ્થાનમાં ભૂકંપના આંચકા

ન્યુ દિલ્હી,

આજે એટલે કે બુધવારે દેશમાં ૩ જગ્યાએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સૌથી પહેલા મેઘાલય ખાતે ભૂકંપના આંચકા અનુભવાયા હતા અને તેના થોડા કલાકો બાદ લેહ લદ્દાખ અને પછી થોડા સમય બાદ રાજસ્થાનના બિકાનેર ખાતે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.સૌથી પહેલા મેઘાલયના પશ્ચિમ ગારો હિલ્સ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૧ જેટલી નોંધાઈ હતી. રાતે આશરે ૨:૧૦ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી દ્વારા પણ તેની પુષ્ટિ કરવામાં આવી છે. સદનસીબે ભૂકંપના કારણે જાન-માલ અને અન્ય કોઈ પણ પ્રકારનું નુકસાન નથી નોંધાયું.લેહ લદ્દાખ ખાતે બુધવારે સવારે ૪:૫૭ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૬ નોંધવામાં આવી હતી. ત્યાર બાદ બુધવારે સવારે ૫:૨૪ કલાકે રાજસ્થાનના બિકાનેર ખાતે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૩ જેટલી નોંધાઈ હતી. જોકે જાન-માલને લગતા નુકસાનની કોઈ ઘટના નથી નોંધાઈ જે સારી વાત છે.

## ઓક્સિજન મુદ્દે સરકારના નિવેદન માટે સરકાર પર કેસ થવો જોઈએ: સંજય રાવત

મુંબઇ,તા.


દેશમાં ઓક્સિજનના અભાવ એક પણ મોત ન થયાના કેન્દ્ર સરકાર દ્વારા રાજયસભામાં આપવામાં આવેલા નિવેદન બાદ વિપક્ષે સરકાર સામે બાયો ચડાવી છે. કોંગ્રેસ બાદ શિવસેનાએ પણ સરકાર પર નિશાન સાધ્યું છે. શિવસેનાના રાજયસભાના સાંસદ સંજય રાઉતે કહ્યું છે કે આ નિવેદન પછી ઓક્સિજનના અભાવને કારણે તેમના પ્રિયજનો ગુમાવનારા પરિવારોને શું થયું હશે? સંજય રાઉતે કહ્યું કે, જૂઠ્ઠાણા બદલ સરકાર વિરુદ્ધ કેસ નોંધાવો જોઈએ.

આ સિવાય પેગાસસ કેસમાં પણ સંજય રાઉતે સરકારને ઘેરી છે. તેમણે કહ્યું છે કે વિપક્ષ આ જાસૂસી કેસમાં સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) અને સુપ્રીમ કોર્ટની દખલની માંગ કરી રહ્યો છે, જો રવિશંકર પ્રસાદ વિપક્ષમાં હોત તો તેમણે પણ આ જ માંગ કરી હોત, આ માંગણી કરવામાં આવી રહી છે તો પછી સરકારે સત્ય બહાર આવવા દેવુ જોઈએ. જ્યારે તમે કશું ખોટું કર્યું નથી, તો પછી ડરની વાત શું છે?

## છોટાઉદેપુરમાં પ્રેમી-પ્રેમિકાને ઝાડ સાથે બાંધી ઢોર માર મારનાર ૯ની ધરપકડ

છોટાઉદેપુર,

આદિવાસી વિસ્તારમાં મહિલાઓ પર અત્યાચાર અને તાલિબાની સજા આપતા વીડિયો અવાર-નવાર વાઈરલ થઈ રહ્યા છે. છોટાઉદેપુર જીલ્લાના ચીલીયાવાટ ગામનો આવો જ એક વીડિયો વાઈરલ થયો છે. આ ગામના યુવક યુવતીને પ્રેમ સંબંધ હતો, પરંતુ, પરિવારોને આ સંબંધ મંજૂર નહોતો. જેને લઈને બન્ને પરિવારોએ ભેગા થઈને યુવક-યુવતીને સરગવાના ઝાડ સાથે દોરડા વડે બાંધીને તાડના લાકડાથી બેરહેમીથી માર માર્યો હતો.યુવક-યુવતીને મારતી વખતે ક્રુરતાની હદ વટાવી દીધી હતી. એક સમયે યુવતી મારથી થાકીને નીચે પડી ગઈ હતી, તેમ છતાં ક્રૂર લોકો તેને ફરીથી ઉભી કરીને બાંધી દીધી હતી. વીડિયો વાઈરલ થતાં જ છોટાઉદેપુર જિલ્લા પોલીસ હરકતમાં આવી હતી અને આવું કૃત્ય કરવાવાળા ૯ લોકો સામે ગુનો દાખલ કરીને તમામની ધરપકડ કરી હતી અને આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે.આદિવાસીઓની અંદર આજે પણ એવી પ્રથા ચાલે છે કે, મા બાપની મરજી વિરુદ્ધ જો કોઈ યુવતી જતી રહે તો પંચ બેસી તેનો નિકાલ કરે છે. બન્ને પક્ષ તરફથી પંચ આવી દંડકીય રકમ નક્કી કરે છે, એ યુવાને આપવી પડતી હોય છે. જો આમાં સમજૂતી ન થાય તો ભારે ઘર્ષણ પણ થતાં હોય છે. આ પ્રથા કોઈ રોકી શકતું નથી. અગાઉ ભાગી ગયેલ યુવક યુવતીઓને સજા થયેલી છે.



પ્રેમી પાસે જતી રહેલી દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની એક યુવતીને તાલિબાની સજા આપવાની ઘટના સામે આવતાં ખભળાટ મચી ગયો હતો. પતિને યુવતીના ખભે બેસાડ્યા બાદ ગામમાં વરઘોડો કાઢવા સાથે પતિ અને દિયર દ્વારા જ તેને ગામલોકો વચ્ચે જ નિર્વસ્ત્ર પણ કરી દેવાઈ હતી. આ બનાવનો સમગ્ર વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે આ અંગે તલસ્પર્શી તપાસ હાથ ધરતાં આ વીડિયો ખજૂરી ગામનો હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે પરિણીતાએ તેના પતિ તથા ૧૯ ઈસમના ટોળા વિરુદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# મહિસાગર જિલ્લા કલેકટરની જિલ્લાની હોસ્પિટલની બેદરકારી સામે લાલ આંખ

લુણાવાડા, મહીસાગર જિલ્લાના સંતરામપુરના શિકારી ફળીયામાં એક યુવતીનો ગર્ભપાત કરતો હોવાનો વિડિયો વાયરલ થયો હતો. આ વિડિયોની તપાસ કરી પોલીસે પ્રિયલ ગાયનેક હોસ્પિટલમાં કામ કરતી મહિલાની અટકાયત કરી છે.

આ વીડિયોમાં ખુલ્લા મકાનમાં એક મહિલા સાથે ૩ (ત્રણ) સહાયક મહિલાઓ ગર્ભપાત કરતી દેખાઈ છે. આ વિડિયોની પોલીસ તપાસથી જાહેર થાય છે કે ગર્ભપાત કરનાર મુખ્ય મહિલા સંતરામપુરની પ્રિયલ ગાયનેક હોસ્પિટલમાં અંદાજીત ૧૫ વર્ષથી કામ કરે છે જેથી પોલીસે આ મહિલાની અટકાયત પણ કરી છે અને તેની તપાસ ચાલુ છે અને આ બાબતની ગંભીર નોંધ રાજય સરકાર દ્વારા લેવામાં આવી છે.

ગર્ભપાત કરનાર નર્સ મહિલાની ડિગ્રી બાબતમાં કાગળોની ચકાસણી પણ પોલીસ દ્વારા કરવામાં આવશે પરંતુ કોઈપણ ખાનગી/સરકારી હોસ્પિટલનો સ્ટાફ જયારે આ પ્રકારની ગતિવિધિમાં સામેલ થાય છે. ત્યારે એના માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંબંધિત હોસ્પિટલની જવાબદારી પણ બની રહે છે કે પોતાને ત્યાં કામ કરતો સ્ટાફ યોગ્ય લાયકાત ધરાવે છે કે કેમ અને તે જવાબદારી અદા કરવા દરેક હોસ્પિટલે પોતાના સ્ટાફની વિગતો ચકાસી લેવી.

**- જિલ્લાની ખાનગી હોસ્પિટલોને યોગ્ય લાયકાત વગરના સ્ટાફ સામે કાર્યવાહી કરવા આદેશ.**
**- જિલ્લાની ખાનગી હોસ્પિટલોનું ચેકીંગ કરવામાં આવશે ક્ષતિ જણાયે હોસ્પિટલ સીલ કરવા સુધીના આદેશો.**

આથી મહીસાગર–લુણાવાડા જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ મહીસાગર જિલ્લામાં આવેલ તમામ હોસ્પિટલ્સ અને નાના–મોટા કિલનિક ચલાવનાર સંચાલકો સામે લાલ આંખ કરી સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, હોસ્પિટલમાં કામ કરતો તમામ સ્ટાફ (ડોકટર્સ, નર્સીંગ સ્ટાફ, કમ્પાઉન્ડર, વોર્ડ બોય, આયા, પટાવાળા, મેડીકલ સ્ટોર ઈન્ચાર્જ, એમ્બ્યુલન્સ ડ્રાઈવર, સફાઈ કર્મચારી તથા અન્ય) મેડીકલ/પેરા મેડીકલ/એલાઈડ સ્ટાફના ડોકયુમેન્ટસની ખરાઈ કરવાની જવાબદારી જે તે હોસ્પિટલના સંચાલકની છે.

આ બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે મેડીકલ પેરા મેડીકલ સ્ટાફ પાસે સરકાર માન્ય સંસ્થા/ કોલેજ/ યુનિવર્સીટીમાંથી માન્યતા પ્રાપ્ત ડીગ્રી/પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે અને અન્ય સ્ટાફ બાબતમાં પણ શૈક્ષણિક લાયકાતની સાથે પોલીસ વેરીફીકેશન કરાવી લેવા જિલ્લા કલેકટરએ જણાવ્યું છે.

કલેકટરએ મહીસાગર જિલ્લામાં આવેલ તમામ ખાનગી હોસ્પિટલ/કિલનિક સંચાલકોને કડક સૂચના આપી છે કે, હોસ્પિશટલ/ કલિનીકમાં રાખવામાં આવેલ તમામ સ્ટાફ સંપૂર્ણપણે શૈક્ષણિક લાયકાત/ તાલીમબદ્ધ/ચારિત્ર્ય પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે. આ ઉપરાંત તમામ સંચાલકો/પ્રેકટીસ કરનાર તબીબોને જણાવવામાં આવ્યું છે કે તેઓ જે ક્ષેત્રની શૈક્ષણિક લાયકાત ધરાવે છે. તેના આધારે જ તે જ ક્ષેત્રમાં પ્રેકટીસ કરવાની તથા હોસ્પિટલ/ કિલનિક ચલાવવાની રહેશે . જે કોઈ પણ હોસ્પિટલ/ કિલનિકમાં ઓછી શૈક્ષણિક લાયકાતવાળો ફરજ બજાવતો કે અન્ય ક્ષેત્રની પ્રેકટીસ કરતો કે બોગસ/અમાન્ય/ ગેરકાયદેસર શૈક્ષણિક લાયકાતવાળો ફરજ બજાવતો વ્યકિત મળી આવશે તો તેની હોસ્પિટલ/કિલનિક સીલ કરી દેવા સુધીના આદેશ જારી કરીને તેના સંચાલક અને સ્ટાફ સામે ઈન્ડિયન પીનલ કોડ (IPC ),૧૮૬૦ અને ભારત સરકાર તથા ગુજરાત સરકારના બીજા કાયદાઓ હેઠળ કડક પગલા લેવામાં આવશે જેની પણ નોંધ લેવા જણાવ્યું છે.

તેમણે વધુમાં જિલ્લાની તમામ હોસ્પિટલો/ કલિનીકોને તેમનાતમામ સ્ટાફનું વેરીફીકેશન અને લાયકાત ધરાવતા સ્ટાફની નિમણુંક તા. ૩૦/૦૭/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરી દેવાનો પણ હુકમ કર્યો છે.

# લુણાવાડાના વેલણવાડા ગામે પાંચ પશુપાલકોને લોન મંજૂરી પત્ર અને વ્યાજ સહાયના પત્ર એનાયત કરતાં જિલ્લા કલેકટર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, બેંક ઓફ બરોડાના ૧૧૪મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે લુણાવાડા શાખા દ્વારા તાલુકાના વેલણવાડા ગામના પાંચ પશુપાલકોને પશુ ખરીદવાની લોન માટેના મંજુરી પત્ર અને મહીસાગર પશુપાલન શાખા દ્વારા લોન ઉપરના વ્યાજ માટેની સબસીડી સહાયની યોજના માટેના પાત્રતા પત્રનું જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર તથા જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી લાખાણીએ સરકારની યોજનાઓનો લાભ મેળવી દર માસે દુધમાંથી અંદાજીત રૂપિયા એક લાખ સુધીની આવક મેળવતા પશુપાલકોની મુલાકાત લઇ તેમાંથી જિલ્લાના અન્ય પશુપાલકોને પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ વેલણવાડા ગામના પ્રગતિશીલ પશુપાલકોની મુલાકાત લઇ પશુપાલકોને પ્રોત્સાલહિત કર્યા હતા. નાયબ પશુપાલન નિયામક એમ.જી.ચાવડાએ વેલણવાડા ગામના આદર્શ પશુપાલન અંગે ગામના ઉત્સાહી ખેડૂતોની તેમજ પારીતોષીક વિજેતા આધુનિક તબેલા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. મહીસાગર જિલ્લા પશુપાલન વિભાગના માર્ગદર્શનથી પશુપાલનના વ્યવસાય દ્વારા અને સરકારની વિવિધ યોજનાઓ થકી આર્થિક પ્રગતિ સાધનાર પશુપાલકોની સાફલ્યગાથા જીવંત નિહાળી પ્રભાવિત થયા હતા. પ્રારંભમાં બેંક ઓફ બરોડાના મેનેજર રૂષી રાજે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. તેમણે વેલણવાડા ગામના પશુપાલકોની નિયમિત બેંક વ્યવહારની પ્રસંશા કરી બેંક ઓફ બરોડાના સ્થાપના દિન નિમિત્તે લુણાવાડા શાખા દ્વારા પાંચ પશુપાલકોને એક પશુપાલક દીઠ ૩.૮.૪૦ લાખ એમ કુલ ૩.૪૨.૦૦ લાખની પશુ ખરીદવાની લોન માટેના મંજુરી પત્ર અને મહીસાગર જિલ્લા પંચાયત પશુપાલન શાખા દ્વારા લોન ઉપરના વ્યાજ માટેની સબસીડી સહાયની યોજના જેમાં ૦૧ થી ૨૦ દુધાળા પશુ માટેની વ્યાજ સહાય આપવામાં આવતી હોવાની વિગતો આપી હતી. આ પ્રસંગે પશુ ચિકિત્સક ડો. જીગર કંસારા, પશુપાલક લાભાર્થીઓ, બેંક કર્મીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં બોડેલીમાં સૌથી વધુ અઢી ઈંચ વરસાદ, ૫ દિવસ ભારે વરસાદની આગાહી

રાજ્યમાં ચોમાસુ જામ્યુ છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ભારે વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં વરસાદી માહોલ જામતા ૨૪ કલાકમાં ૧૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ છોટા ઉદેપુરના પાવી જેતપુરમાં વરસાદ પડ્યો હતો. અઢી ઈંચ વરસાદ બોડેલીમાં પડ્યો હતો. ડેડિયાપાડા, વડોદરા, છોટા ઉદેપુરમાં ૨-૨ ઈંચ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સાથે અન્ય ભાગમાં પણ વરસાદ પડી શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

ડભોઈમાં પણ ૨ ઈંચ વરસાદ પડ્યો હતો.રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ચોમાસાનો માહોલ જામી રહ્યો છે. ગીર સોમનાથ તેમજ આસપાસના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. પાટણના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ડાકોરમાં પવન સાથે વરસાદ સાથે આગમન થયુ હતું.વરસાદને કારણે ડાંગરના પાકને જીવનદાન મળ્યુ છે. સુરતના મહુવામાં આવેલો મધરઈન્ડિયા ડેમ સીઝનમાં પ્રથમ વખત છલકાયો હતો. વરસાદી માહોલ આગામી ૫ દિવસ યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર મધ્ય ગુજરાત સિવાય અન્ય ભાગમાં ભારે વરસાદ પડી શકે છે. ડાંગમાં ભારે વરસાદને કારણે પહાડોમાંથી ઝરણા વહેતા થતા નયનરમ્ય દ્રશ્યો સર્જાયા હતા.

વરસાદને લઈને ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. બોડેલીમાં વરસાદ વરસતા ગરનાળા ભરાઈ ગયા હતા જેને કારણે વાહન ચાલકો અટવાયા હતા. વરસાદને કારણે ગરમીમાંથી થોડી રાહત મળી હતી. ડાંગ જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસતા વરસાદને પગલે ગીરી, અંબીકા, ખાપરી અને પૂર્ણા નદી બે કાંઠે વહેવા લાગી હતી.

## મહીસાગર જિલ્લો કોરોનામુકત સતત એકત્રીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં સતત એકત્રીસમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા એકત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧–૦૭–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૩૦૬૮૫૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# મધ્યપ્રદેશમાં પેટ્રોલ સૌથી મોંઘું ૧૧૨.૩૬ રૂપિયા પ્રતિ લિટર, અનેક રાજ્યોમાં ભાવ ૧૦૦ને પાર

ભોપાલ, દેશભરમાં પેટ્રોલની કિંમત સતત વધી રહી છે. જોકે, છેલ્લા ૩ દિવસથી પેટ્રોલની કિંમત સ્થિર રહી હતી, પરંતુ આજે ફરી એક વાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. કેટલાક રાજયોમાં તો પેટ્રોલ-ડીઝલની કિંમતે સદી ફટકારી છે. ડીઝલ પણ અનેક જગ્યાએ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને પાર પહોંચી ચૂક્યું છે. જયારે ગુજરાતના અમદાવાદમાં હજી પણ પેટ્રોલની કિંમત ૧૦૦ની નીચે એટલે કે ૯૮ રૂપિયા પ્રતિ લિટર છે, પરંતુ ટૂંક સમયમાં અહીં પણ પેટ્રોલની કિંમત સદી ફટકારે તો નવાઈ નહીં. ત્યારે અમદાવાદમાં આજે પેટ્રોલનો ભાવ ૯૮.૬૫ રૂપિયા છે.

દેશભરમાં પેટ્રોલ-ડીઝલની કિંમત ઐતિહાસિક ઉંચાઈએ પહોંચી છે. કેટલાક રાજયોમાં તો પેટ્રોલ-ડીઝલની કિંમત ૧૦૦ને પાર થઈ ચૂકી છે. જોકે, આજે (બુધવારે) પેટ્રોલ-ડીઝલની કિંમત સ્થિર રહી છે અને આ સતત ચોથો દિવસ છે, જયારે દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર નથી થયો. દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૦૧.૮૪ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૮૯.૮૭ રૂપિયા પ્રતિ લીટર થઈ છે. અત્યારે સૌથી મોઘું પેટ્રોલ મધ્યપ્રદેશમાં છે. અહીં પેટ્રોલની પ્રતિ લિટર કિંમત ૧૧૨.૩૬ રૂપિયા છે. જયારે સૌથી મોંઘુ ડીઝલ ભોપાલમાં છે. અહીં ડીઝલની પ્રતિ લિટર કિંમત ૯૮.૬૭ રૂપિયા થઈ છે.

# હળવા નિયમોનો છેદ ઉડાડી દેનારાઓનુ ત્રીજી લહેરને ખુલ્લું આમંત્રણ.....!!

હર્ષદ કામદાર

દેશમાં નવા સ્વરૂપની ત્રીજી લહેર ત્રાટકવાની સંભાવનાને લઈને આપણા વડાપ્રધાનશ્રી મોદીજી તેમજ વિજ્ઞાનીઓ અને નિષ્ણાતો આમ પ્રજાને માસ્ક તથા ડિસ્ટન્સ જાળવવા વારંવાર ચેતવણી આપતા રહ્યા છે. જ્યારે કે દેશમાં કોરોના ના કેહસોમા થયેલા ઘટાડાને કારણે લગભગ વિવિધ ઉદ્યોગો, વ્યાપાર- ધંધા,નાના-મોટા દરેક વેપાર માર્કેટો સહિતનાને છૂટછાટ આપી દેવામાં આવી તે સાથે વડાપ્રધાનશ્રી મોદીજીએ આમ પ્રજાને ચેતવતા એમ પણ કહ્યું હતું કે કોરોના ગયો છે તેવું માનવું ભૂલ ભરેલું છે. માટે માસ્ક, ડિસ્ટન્સનું પાલન કરવું જરૂરી છે, તો ભીડથી દૂર રહેવું,મોટી સંખ્યામાં લોકો એકઠા થાય તેવા તમામ પ્રકારના શુભારંભો,મેળાવડા સહિતના કાર્યક્રમોથી દૂર રહેવા ખાસ ચેતવણી આપવામા આવી હતી. પરંતુ છૂટછાટો મળતા જ જાણે કે કોરોના જતો રહ્યો હોય તેમ લોકો ધાર્મિક સ્થાનો, ફરવાના સ્થળો પર મોટી ભીડ ઉમટવા લાગી... જ્યાં ડિસેન્ટની વાતનોતો છેદ જ ઉડી ગયો તેમજ માસ્ક બાંધવાથી મોટાભાગના શ્રદ્ધાળુઓ તથા લોકો દુર રહ્યા. એજ રીતે જે તે રાજયના બસ મથકો, રેલવે સ્ટેશનો, એરપોર્ટ જ્યાં પણ નજર કરો તો સ્પષ્ટ જણાઈ આવશે કે સોશિયલ ડિસ્ટન્સ તથા માસ્ક નામના ચેતવેલ નિયમનુ અસ્તિત્વ જ નથી....છતાં થોડા ઘણા સમજદારો,જાગૃત લોકો માસ્ક ધારણ કરેલા દેખાતા હતા પરંતુ તેમાંના મોટા ભાગનાએ હોઠ, નાક છોડીને દાઢી પર કે ગળા સુધી લટકાવેલા દેખાઈ રહ્યા હતા તથા ધારણ ન કરેલા સંખ્યા મોટા પ્રમાણમાં જણાતી હતી...! ભણેલા- ગણેલા સહિતના લોકો એ નહી જાણતા હોય તેઓ ખુદ ફસાઈ જવાના છે અને ત્રીજી કોરોનાના નવા રૂપને આમંત્રણ આપીને પ્રજાને ભયાનક વમળમા મુકવા સાથે મોતને આવકારી રહ્યા છે.....!!

વિશ્વ આરોગ્ય સંસ્થા, નિષ્ણાતો અને ખૂદ ભારત સરકારે વારંવાર આમ પ્રજાને સતર્ક રહેવા ચેતવ્યા કરે છે. ત્યારે સરકાર એકની એક વાત કેટલી વાર કરે.....? સરકારે આમ પ્રજાને સામાન્ય નિયમો પાળવા સાથે મોટા ભાગની છૂટછાટો આપી દીધી છે, પરંતુ મોટા પ્રમાણમાં લોકો માસ્ક તથા ડિસ્ટન્સ જાળવવા જેવા સામાન્ય નિયમોને પણ ગણકારતા નથી અને નિયમોની ઐસી તૈસી કરી નિયમોનો ભંગ કરે છે અને સ્વચ્છંદતા ભર્યુ જીવન ગુજારે છે.... કે જે ખરેખર તો શિક્ષિત તથા સમજુ હોવા છતાં નાસમજદારી બતાવી કે મગજ ગીરે મૂકેલા હોય તે રીતે લોકો કોરોનાની ત્રીજી નવા સ્વરૂપની લહેરને આવકારવા તૈયાર હોય તેવું લાગી રહ્યું છે....! મતલબ નવા કોરોનાના ભયાનક પરિણામ માટે હવે આવનાર સમય માટે મળેલ સંભાવનાભરી ચેતવણી અનુસાર ઓગસ્ટમાં લોકોએ વધુ સાવચેતી રાખવી પડશે. વર્ષ ૨૦૨૧માં અનુભવેલા કે જોયેલા બીજાઓના પરિવારો કે ઘરની દુ:ખદ ઘટનાઓમાંથી કોઈજ શીખ નથી લીધી ત્યારે લાગે છે કે તેઓના જેવી દુ:ખદ ઘટના લોકોના દરવાજા ખટખટાવી શકે તેવી વધુ સંભાવનાની શક્યતા છે જે આજના સમાજ માટે સત્ય અને સ્પષ્ટ બાબત છે......!! ખરેખર તો જે છૂટછાટો આપવામાં આવી છે તે હરવા-ફરવા, યાત્રા કે ભીડભાડ ભર્યા કાર્યક્રમો તથા ભીડ કરવા માટે નથી આપી... પરંતુ ધંધા - રોજગાર, વેપાર,ઉધ્યોગો ધમધમતા થાય, લોકોના આર્થિક વ્યવહારો સરળ બને તે માટે આપી છે.આ વાત દરેક લોકો સમજીને નિયમોનું પાલન કરે તો આવનાર સંકટનો સામનો થઇ શકશે.....!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૨-૦૭-૨૦૨૧, ગુરૂવાર, અષાઢ સુદ-૧૩, સૂર્યોદય-૬-૧૫, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: મૂળ

- શુભ ચોઘડીયા -
૧૨-૨૭ થી અભિજીત-૧૩-૨૦ સુધી ૬-૧૬ થી શુભ ૭-૫૫ સુધી, ૧૧-૧૪ થી ચલ-લાભ-અમૃત, ૧૬-૧૨ સુધી, ૧૭-૫૧ થી શુભ-અમૃત-ચલ ૨૮-૧૨ સુધી

- શુભ હોરા-
૬-૧૬ થી ૭-૨૨ સુધી, ૯-૩૫ થી ૧૨-૫૩ સુધી, ૧૩-૫૯ થી ૧૫-૦૬ સુધી, ૧૭-૧૮ થી ૨૦-૨૪ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૨.૦૭.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

વૃષભ(બ.વ.ઉ.):- તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે- પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કર્ક(ડ.હ.):- સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

સિંહ(મ.ટ.):- માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

કન્યા(પ.ઠ.ણ.):- તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

તુલા(ર.ત.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશો નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

વૃશ્ચિક(ન.ય.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે- તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

મકર(ખ.જ.):- ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

કુંભ(ગ.શ.સ.):- દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે.

મીન(દ.ચ.ઝ.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના કાળીયા વલુંડા ગ્રામ પંચાયત દ્વારા વધુ એક સરકારી જમીન ઉપર દબાણ થતું અટકાવાયું



- સરકારી કુવો પુરાણ કરી પાકું બાંધકામ થતા ગ્રામ પંચાયતે નોટિસ આપી કામ સ્થગિત કરાવ્યું.
- ફતેપુરા તાલુકામાં સરકારી જમીનોમાં દબાણ કરવા તકવાદી તત્વો દ્વારા નિયમોની અવગણના કરવામાં આવે છે.
- સરકારી જમીન દબાણ અર્થે વહીવટી તંત્રો દ્વારા કરવી પડતી કાર્યવાહીમાં વિલંબ દબાણકર્તાઓ માટે આશીર્વાદ સમાન.

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના તમામ વિસ્તારોમા સરકારી–ગૌચરની જમીનો આવેલી છે. તે જમીનો ઉપર કેટલાક તકવાદી તત્વોએ પોતાનો કબજો જમાવી જમીનો હડપ કરી છે. જ્યારે દબાણકર્તાઓ સામે વહીવટી તંત્રો દ્વારા કરવી પડતી કાર્યવાહીની ઉપેક્ષા કરાતા દબાણકર્તાઓ બેફામ બની રહ્યા છે. જોકે તેમાં તાલુકાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી,ગૌચરની જમીનો નામ પુરતી બચી છે અને બચેલી જમીનો ઉપર લોકો કબજો જમાવે તે પહેલા સ્થાનિક વહીવટીતંત્રોએ કુંભકર્ણની ઊંઘ છોડી દબાણકર્તાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની જરૂરત જણાઈ રહી છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા સહિત સુખસર,બલૈયા જેવા ગામોમાં આવેલી મોટાભાગની સરકારી તથા ગૌચરની જમીન અને કેટલીક જગ્યાએ સરકારી જમીનની આડમાં માલિકીની જમીન કેટલાક લોકોએ પચાવી પાડી તેમાં પાકા દબાણો ઉભા કરી દીધેલા છે અને તેવા દબાણ હટાવવા માટે અનેકવાર જાગૃત નાગરિકો દ્વારા વહીવટી તંત્રોને રજૂઆતો કરવામાં આવે છે. તેમ છતાં તેવા દબાણો હટાવવા વિલંબ થતા દબાણકર્તાઓ નીડર બની દબાણો વધારતા જાય છે. તેવી જ રીતે ફતેપુરા પાસે આવેલ કાળીયા–વલુંડા ગામમાં આગાઉનો જે સરકારી કુવો હતો તે કુવાનું રાતોરાત પુરાણ કરી તેના ઉપર પાકું બાંધકામ કરતા તેની જાણ કાળીયા–વલુંડા ગ્રામ પંચાયતને થતાં તાત્કાલિક નોટિસ ફટકારી ગેરકાયદેસર થતી આ કામગીરી સ્થગીત કરાવી હોવાનું જાણવા મળે છે.હવે જોવું રહ્યું કે,સ્થગિત થયેલી કામગીરી ઉપર પૂર્ણવિરામ મુકાશે કે આગળ વધશે?તે સમય જ બતાવશે. પરંતુ હાલમાં ગ્રામ પંચાયત દ્વારા કરવી પડતી કાર્યવાહી કરી થતી કામગીરી બંધ કરાવી છે તે યોગ્ય છે.ઉલ્લેખનીય છે કે, ફતેપુરા તાલુકાના ફતેપુરા,બલૈયા તથા સુખસરમાં સરકારી અને ગૌચરની જમીનમાં કેટલાંક તકવાદી તત્વોએ પાકા બાંધકામ કરી જમીનો પચાવી પાડી છે.અને જેની રજૂઆતો તાલુકા– જિલ્લા કક્ષાએ કરવામાં આવેલ છે. તેમ છતાં તે પ્રત્યે તટસ્થ કહી શકાય તેવી કાર્યવાહી થઈ હોય તેવું જાણવા મળ્યું નથી.પરંતુ સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર દબાણ કર્તાઓ વિરૂદ્ધમાં સમયસર કાર્યવાહી કરી, દબાણ હટાવી સરકારી જમીનો ખુલ્લી કરવી જરૂરી છે.નહીતો એક દિવસ એવો આવશે કે ફતેપુરા તાલુકામાં સરકારી તથા ગૌચર જમીન હોવા બાબતે ક્યારેય પુરાવો શોધ્યો જડે નહીં તેની પરિસ્થિતિ ઉભી થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# ઝાલોદના ગામડી ગામની પ્રાથમિક શાળાના બાળકોનું અનાજ ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને પકડી કુલ રૂ.૧,૪૨,૫૦૦/- નો મુદ્દામાલ રિકવર કરતી ઝાલોદ પોલીસ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના ગામડી ગામ ની પ્રાથમિક શાળાના બાળકો નું અનાજ નો જથ્થો અગાવ ઓરડામાંથી ચોરી થયેલા નું જાણ થતાં ચાકલીયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરતા જેમાં ઝાલોદ પોલીસ ને આ ગુનાની બાતમી મળતા જે બાતમીના શંકાસ્પદ બે ઈસમો ને પુછપરછ કરતાં બે ઈસમો દ્વારા કબુલાત કરતા કે ઝાલોદ તાલુકાના ગામડી ગામ ની પ્રાથમિક શાળાના બાળકો નું અનાજનો જથ્થો ચોરી કરી ઝાલોદ ની માર્કેટ યાર્ડમાં વેચાણ કરી દીધેલ જે કબુલાત કરેલ જેમાં આરોપી ૧ પ્રમોદ કુમાર ઉર્ફે નીલું ચીમનભાઈ જાતે ગણાવા ૨ મહેશભાઈ પારસીગ ભાઈ જાતે ડામોર ૩ પ્રીતેશભાઈ ચીમનભાઈ જાતે ગણાવા નાઓ એ ભેગા મળીને અશોક લેલન્ડ ટેમ્પો માં કુલ ચોરી નો મુદ્દામાલ ઘઉની ૧૪ બોરી તથા ચોખા ની ૧૪ બોરી મળી કુલ ૨૮ બોરી ની કુલ કિંમત રૂ ૧૭,૫૦૦/– મળી ને કુલ ૧,૪૨,૫૦૦/– નો મુદામાલ પોલીસે કબજે કરી પોલીસે ત્રણ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આમ, દાહોદ જિલ્લાની માર્કેટ યાર્ડમાં સરકારી અનાજનો જથ્થો બારોબાર વેચાણ થતો હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી ત્યારે એક તરફ રાજય સરકાર દ્વારા આંગણવાડી ઓમા પણ કોઈ બાળક ભુખ્યુ ન રહે તેવા ઉદેશ્ય સાથે રાજય સરકાર દ્વારા શહેર તેમજ ગામડે અનાજનો પુરવઠો પહોંચાડે છે. ત્યારે કેટલાક લોભિયા તેમજ ભ્રષ્ટ તત્વો દ્વારા આવા સસ્તા અનાજના અને સરકારી જથ્થાનો કાળા બજારી કરી રોકડી કરી લઈ પોતાની તિજોરીઓ ભરવામાં લાગ્યા છે.

તેમજ આ સિવાય પણ કેટલીક જગ્યાએ સરકારી અનાજનો જથ્થો બારોબાર સગેવગે થતો હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી છે. જ્યારે ઉચ્ચ અધિકારીયો દ્વારા આ મામલે તટષ્ટ અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે તો હજી કેટલાક અનાજના કાળાબજારી કરતાં તત્વોનો પદોફાશ થાય તેમ છે. આમ, જોવાનું રહ્યું કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કેવા પગલાં લેવામાં આવે છે તે જોવાનું રહ્યું.

# ઘાણીખુંટ પ્રાથમિક શાળામાં નિરાધાર બાળકો ને કીટ વિતરણ કરાઈ.



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ઘાણીખુંટ પ્રાથમિક શાળા ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હસ્તે નિરાધાર બાળકોને યુનિફોર્મ સહીત કીટ અર્પણ કરવામાં આવી હતી. કોરોના કાળમાં બાળકોના માતા પિતાનું મૃત્યુ થયું હતું. ફતેપુરા તાલુકાના ઘાણીખુંટ ગામમાં કોરોના કાળમાં માતા–પિતાનું મૃત્યુ થતા બે બાળકો નિરાધાર થયા હતા. આ બાળકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખના માર્ગદર્શન હેઠળ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કલ્પનાબેન ચૌધરીના હસ્તે યુનિફોર્મ પુસ્તકો સહિતની કીટ અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય કલ્પનાબેન ભોઈ, બીઆરસી રમેશભાઈ રટોડા સહિત ગામના સરપંચ રમેશભાઈ મકવાણા તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌરીવ્રત શરૂ થતાં દાહોદના શિવાલયોમાં કુંવારીકાઓ પૂજા-અર્ચના કરવા પહોંચી

દાહોદ,

ગૌરીવ્રતનો આજથી પ્રારંભ થઈ ગયો છે. પાંચ દિવસ સુધી કુવારીકાઓ નકોડા ઉપવાસ કરી ભગવાન શિવ અને પાર્વતીને રીઝવવાનો પ્રયાસ કરશે. દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયો સહિત માતાજીના મંદિરો વિગેરે દેવાસ્થાનોએ વહેલી સવારથીજ કુંવારીકાઓ ભગવાનની પુજા, અર્ચના કરવા પહોંચી જાય છે. આ વખતે ગૌરીવ્રતના તહેવારને પણ કોરોના નડતાં ડ્રાઈફુડ સહિતની ઉપવાસી ચીજવસ્તુઓના ભાવોમાં પણ વધારો જોવા મળ્યો છે ગૌરીવ્રતની શરૂઆતથી કુંવારીકાઓ પાંચ દિવસ સુધી નકોડા ઉપવાસ કરે છે. પાંચ દિવસ સુધી માત્ર ફરાણી, દુધ, દહીં તેમજ અન્ય ફરાણી આરોપી નકોડા ઉપવાસ કરશે. ભગવાન ભોલેનાથ અને પાર્વતીજીની પુજા, અર્ચના કરી કુંવારીકાઓ પોતાના વ્રતનો આરંભ કરતી હોય છે. વહેલી સવારે નીજ મંદિરોમાં કુંવારીકાઓ દ્વારા ભગવાનની પુંજા કરતી હોય છે. દાહોદ શહેર સહિત જિલ્લાના મંદિરોમાં કુંવારીકાઓ વહેલી સવારથી જ જોવા મળશે. સાંજના સમયે બાગ, બગીચાઓમાં પણ કુંવારીકાઓ હરવા ફરવા નીકળે છે નાની બાળાઓ વાસની ટોપલીમાં જુવારનું વાવેતર કરી છેલ્લા દિવસે વિધીવત રીતે આ જુવારની વાવેતરવાળી ટોપલીને નદી અથવા તળાવ જેવા જળાશયોમાં વિધિવત રીતે વિસર્જન કરશે બીજી તરફ આ વર્ષે ડ્રાઈફુડના ભાવો પણ આસમાને છે જેને પગલે વાલીઓના બજેટો પણ ખોરવાયાં છે. કાજુ ૧૮૦૦ થી ૧૬૦૦ કિલો ગ્રામનો ભાવ, બદામનો ૮૦૦ થી ૯૦૦ કિલો ગ્રામ, પિસ્તા પણ ૧૪૦૦ થી ૧૬૦૦ કિલો ગ્રામના આસમાની ભાવે પહોંચ્યાં છે. દાહોદના એક વેપારીના જણાવ્યાં અનુસાર, આ વર્ષે ડ્રાફુડના ભાવમાં ૧૦ ટકા જેટલો વધારો થયો છે. બજારમાં ખરીદી માટે લોકોની ભીડ પણ જોવા મળતી નથી. દુકાનોમાં ઘરાકી પણ જોવા નથી મળતી.

# સંજેલી તાલુકા વિકાસ અધિકારી દ્વારા આંગણવાડીમાં અચાનક મુલાકાત બાદ સંચાલકોને ફટકારી નોટીસ

સંજેલી,

સંજેલી તાલુકામાં તાજેતરમાં તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણા તેમજ સ્ટાફ સાથે આંગણવાડી કેન્દ્રો પર અચાનક મુલાકાતે ગયા હતા. તે દરમિયાન કેટલીક આંગણવાડીઓ નિયમ મુજબ ન ખુલતા બંધ હાલતમાં દેખાતા સંચાલોકોને નોટિસો ફટકારવામાં આવી છે. તાજેતરમાં તાલુકા વિકાસ અધિકારીએ કેટલીક આંગણવાડીની મુલાકાત લીધી. તે સમયે બાળકોને જે સુખડી આપવામાં આવી રહી હતી. તે સરકારના નિયમ મુજબ બિલકુલ ઓછી આપવામાં આવી રહી હતી. તે જોઈને અધિકારીએ આશા વર્કરો બહેનો, આંગણવાડી સંચાલિકા બહેનોને બાળકોને તેમના ભાગનું પૂરેપૂરો જથ્થો આપવામાં આવે તે માટે તા. ૧૯/૦૭/૨૦૨૧ ને સોમવારના રોજ યોજાયેલી બેઠકમાં ચર્ચા કરી હતી.

# દાહોદ શહેર ખાતે જીલ્લામાં મુસ્લીમ બિરાદરોએ ઈદની ઉજવણી કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે મુસ્લિમ બિરાદરોએ ઈદની ઉજવણી કરી હતી. દાહોદની મસ્જિદ ખાતે કોરોના ગાઇડલાઇન પ્રમાણે નમાજ અદા કરવામાં આવી હતી.

છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન કોરોના કાળમાં અનેક નાના – મોટા તહેવારોની દાહોદ શહેર સહિત જિલ્લા વાસીઓ કોરોના ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરી સાદગીપૂર્વક તહેવારોની ઉજવણી કરતા આવ્યા છે. ત્યારે આજરોજ મુસ્લિમ સમાજ દ્વારા ઈદની સાદગીપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ ખાતેની મસ્જિદમાં ૫૦ લોકોની ઉપસ્થિતિમાં ઇદની નમાજ અદા કરવામાં આવી હતી. કોવિડ–૧૯ની ગાઈડલાઈન મુજબ જે વ્યક્તિઓએ લીધી હતી. તેવા ૫૦ વ્યક્તિઓને મસ્જિદમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને આ ૫૦ લોકોની ઉપસ્થિતિમાંજ ઇદની નમાજ અદા કરવામાં આવી હતી. આ ઇદની નમાજમાં કોરોના સામે રક્ષણ મળે તે માટે નમાજમાં દુઆ કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા પોતાના ઘરમાં રહી ઈદની ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ શહેરમાં મસ્જિદની બહાર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# દાહોદ જીલ્લામાં બે અલગ - અલગ સ્થળે એસ.ટી.બસના ચાલકો એ બાઈક અને રીક્ષાને અડફેટમાં લેતાં ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ એસટી બસના ચાલકોએ પોતાના કબજાની એસ.ટી.બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી બંને અલગ અલગ બનાવ પૈકી એક બનાવમાં મોટરસાયકલ ચાલકને તેમજ બીજા બનાવમાં ઓટો રીક્ષાના ચાલકને અડફેટમાં લેતાં બે વ્યક્તિઓને શરીરે ઈજાઓ થયાનું જાણવા મળે છે.માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૨૦મી જુલાઈના રોજ એક એસટી બસના ચાલકે પોતાના કબજાની એસટી બસ લઈ પાલ્લી ગામે સર્કિટ હાઉસ સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન લીમખેડા તાલુકાના વિસલંગા ગામે નિશાળ ફળિયામાં રહેતા છત્રસિંહભાઈ વરસીંગભાઇ ભૂહાની મોટરસાઈકલને અડફેટમાં લેતા છત્રસિંહભાઈ મોટરસાયકલ પર ખેતી જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે તેઓને હાથે – પગે તેમજ શરીરને ઓછીવત્તી ઈજાઓ પહોંચતા આ સંબંધે છત્રસિંહ ભાઈનાપુત્ર વિજયભાઈ છત્રસિંહભાઈ ભૂહાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૨૦મી જુલાઈના રોજ લીમડી નગરના ચાકલીયા ચોકડી નજીક ઝાલોદ રોડ ઉપર એક એસટી બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઇ રહેલા એક ફોટો રિક્ષાને અડફેટમાં લીધી હતી જેને પગલે ઓટો રિક્ષાના ચાલક પપ્પુભાઈ રણછોડભાઈ ડીન્ડોળને શરીર તેમજ માથાના ભાગે ઓછીવત્તી ઈજાઓ પહોંચાડી બસનો ચાલક પોતાના કબજાની બસ પર મુકી નાસી ગયો હતો. આ સંબંધે સંજેલી તાલુકાના ઇટાડી ગામે રહેતા વિપુલભાઈ રણછોડભાઈ ડીન્ડોળએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના ચેનપુરની સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

દે.બારીયા,

દેવગઢ બારિયા તાલુકાના ચેનપુર ગામેથી એક ૧૬ વર્ષિય સગીરાને એક યુવકે પત્ની તરીકે રાખવા સારૂ સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છેગત તારીખ ૧૬મી જુલાઇના રોજ દેવગઢ બારિયા તાલુકાના નાડાતોડ ગામે રહેતો રોશનભાઈ બળવંતભાઈ હરિજનને તેના મિત્રની મદદથી મોટરસાયકલ લઈને દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાના ઘરે આવ્યો હતો અને સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી મોટરસાયકલ બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીમાં ઈદ પર્વની સાદાઈ પૂર્વક ઉજવણી કરવામાં આવી


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીમાં મુસ્લીમ સમાજના પવિત્ર તહેવાર ઈદ–અલ અજહાં પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઉલ–અજહા પ્રેમ, ત્યાગ અને બલિદાનની ભાવના પ્રત્યે આદર વ્યકત કરવાનો અને સમાવિષ્ટ સમાજમાં એકતાનો તહેવાર છે. જેમાં ઈદગાહ, મસ્જિદમાં, ઘરોમાં વિશેષ નમાજ અદા કરવામાં આવી હતી. મુસ્લીમ સમાજના પેસે ઈમામ દ્વારા દેશની એકતા અખંડતા ભાઈચારો જણવાઈ રહે માટે તેમજ કોરોનાના ખાત્માં માટે વિશેષ દુઆ કરી હતી. ઈદના દિવસે સંજેલી પોલીસ દ્વારા ગુલાબના ફૂલ, આપી ઇદની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ સમાજના આગેવાનોએ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પૂરતો બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.તહેવાર અનુલક્ષીને હીતમાં લઈ સંજેલી પીએસઆઈના માર્ગદર્શન હેઠળ ફૂટ પેટ્રોલિંગ–ફ્લેગ માર્ચ યોજાઈ હતી. ફુટ પેટ્રોલિંગને કોઈ ઘટના ન ઘટે તે માટે ફ્લેગ માર્ચ યોજી ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં સંજેલી પીએસઆઈ શૈલેષ લાસન સહિત સ્ટાફ વિગેરે દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# સિંગવડની ચીલાકોટા ગામે ૨૧ ઈસમો એ વાવેતર કરતા ખેતરમાં આવી જાતિઅપમાનિત કરી ધિંગાણું મચાવ્યું

દાહોદ

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના ચીલાકોટા ગામે ૨૧ જેટલા ઈસમોના ટોળાએ એક ખેતરમાં ઘસી આવી ખેતરમાં વાવેતર કરી રહેલ ગામમાં જ રહેતા કેટલાક વ્યક્તિઓને ધાક ધમકી આપી જાતિ અપમાનીત કર્યા હતા અને ભારે ધીંગાણું મચાવતા આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ચીલાકોટા ગામે રહેતા વિક્રમભાઈ બળવંતભાઈ, મેહુલભાઈ વિક્રમભાઈ, વિનાબેન વિક્રમભાઈ, કલ્યાણસિંહ ચંદુભાઈ, વિજયભાઈ ગમીરભાઈ, પંકજભાઈ કાળુભાઈ, રૂમાલભાઈ ચંદુભાઈ, ગોવિંદભાઈ ભારતભાઈ, ભારતભાઈ ચંદુભાઈ, આરતભાઈ ચંદુભાઈ, મનહરભાઈ આરતભાઈ, અભેસિંગભાઈ બળવંતભાઈ, ચંચલેરેન્દ્રભાઈ રૂમાલભાઈ, ભૂરીબેન કાળુભાઈ, જમનાબેન હીરાભાઈ, લલીતાબેન હિંમતભાઈ, બળવંતભાઈ ચંદુભાઈ, હીરાભાઈ ચંદુભાઈ, રાકેશભાઈ ભારતભાઈ, કાળુભાઈ ચંદુભાઈ અને હિંમતભાઈ બળવંતભાઈ તમામ જાતે ચૌહાણનાઓએ ગત તારીખ ૨૬મી જુનના રોજ પોતાનાજ ગામમાં રહેતા મીરાબેન અરવિંદભાઈ મુનિયા અને તેમના પરિવારજનો ગીરો રાખેલ જમીનમાં વાવેતર કરતા હોય ત્યારે ઉપરોક્ત ૨૧ જણાના ટોળાએ ગેરકાયદે મંડળી બનાવી મીરાબેન તથા તેમના પરિવારજનો પાસે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, આ જમીન અમોએ ગીરો રાખેલ છે. આ જમીનમાં અમે ખેતી કરીશું અને તમારાથી થાય તે કરી લેજો, તેમ કહી મીરાબેન અરવિંદભાઈ તથા તેમના પરિવારજનોને જાતિ અપમાનીત કર્યા હતા અને મારી નાખવાની ધમકી આપી હતી.

આ સંબંધે મીરાબેન અરવિંદભાઈ મુનીયાએ રણધીકપુર પોલીસ મથકે ઉપરોક્ત ૨૧ ઈસમોના ટોળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 281

